સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ખાયકીની સાબિતી બારદાનમાં બળી ગઈ!
ટળી ચિંતા, કે તપાસ ઢાંકળીમાં દળી ગઈ!
મળી ગઈ યોજના એવી ટેકો એકમેકનો -
સરકાર - ખેડૂતોને મગફળી ફળી ગઈ!
('સહકારી' લાભાન્વીતો)

હાઈકુ

ખરા કરીશ્મી,
ખેતી વગર ખેડૂ -
કરે કમાણી...

કરે નાટક
એ, પાણી ના ભાવનું
રડે ન રળે

ચિંતન

નારિકેલ સમાકારા દૃશ્યન્તે હિ સુહજન ।
અન્ય વદરિકાકારા બહિરેવ મનોહરાઃ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

સજ્જન પુરુષો બહારના દેખાવમાં નાળિયેર જેવા હોય છે પણ તેમનામાં અંદર જળ (સ્નેહ) અને મધુરતા હોય છે, જ્યારે દુર્જનો બોરના ફળ જેવા બહારથી જ સારા હોય છે.

સજ્જન પુરુષો સત્ય અને સ્પષ્ટ વક્તા હોય છે તેથી સાચી સલાહ આપે છે જે આજકાલને કોઈને સાંભળવી કે સમજવી ગમતી નથી.

દુર્જનો મધ જેવું મીઠું બોલી પ્રશંસા કરી પોતાનો સ્વાર્થ સાધી લે છે.

સુવિચાર

- દરેક કામનો હેતુ જો સેવા હશે તો લક્ષ્મી 'બાય પ્રોડક્ટ' માં મળશે જ - **આમ્રસૂત્ર**
- જેનામાં સદ્‌બુદ્ધિ છે અને જેની પાસે વિવેકનો વાસ છે તે વ્યક્તિ પરમ સુખી છે - **બાઈબલ**
- જ્ઞાની માનવીને જગત લોભાવી શકતું નથી, માછલીઓની કૂદાકૂદથી સાગર છલકાતો નથી - **ભર્તૃહરિ**
- ફૂલને ખીલવા દો, મધમાખી પોતાની જાતે જ તેની પાસે આવશે, ચારિત્ર્યશીલ બનો, વિશ્વાસ જાતે જ તમારા પર મુગ્ધ થઈ જશે - **રામકૃષ્ણ પરમહંસ**
- નાસ્તિક ને મન ઈશ્વર શૂન્ય છે, આસ્તિકને મન ઈશ્વર પૂર્ણવિરામ છે - **સ્વામી રામતીર્થ**
- જીભનું મૌન એ સાચું મૌન નથી, મનને પણ મૌનની દીક્ષા આપવી જોઈએ - **મહાવીર સ્વામી**
- આજનું ઔષધ : બીલ્વ ફળનો પાઉડર ઘીમાં શેકીને ખાંડ મિક્સ કરીને ખાવાથી ઝાડા મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

શિક્ષક ધારે તો વિદ્યાર્થીને વિશેષ રીતે તૈયાર કરી શકે. ડેવિડ એક તોફાની છોકરો હતો. શાળામાં તે હો - હા મચાવતો. નાનપણમાં મીમીક્રી કે જોક કરી બધાને ખૂબ હસાવતો. શિક્ષકોને ડેવિડનું આ વર્તન પસંદ ન હતું. કારણ કે બાકીના વિદ્યાર્થીઓનું ધ્યાન ભણવામાં ન રહેતું. એક વાર ફિઝિક્સના એક શિક્ષક ડૉ. જેકબ શાળામાં જોડાયા. તેઓ ખૂબ પ્રેમભાવથી બાળકોને વિજ્ઞાન ભણાવતા. ડેવિડની હરકતો તેમના ધ્યાનમાં આવી એટલે તેમણે ડેવિડને સુધારવાનો નિર્ણય કર્યો. એકવાર ડૉ. જેકબનો વર્ગ પૂરો થયા પછી તેમને ડેવિડને પોતાના કેબીનમાં બોલાવ્યો. અને પ્રેમથીકહ્યું, 'ભાઈ ડેવિડ તું ઘણો પ્રતિભાશાળી છે, આટલી નાની ઉંમરમાં તું બધાંને હસાવે છે જે કાબિલએ દાદ છે. પરંતુ હું ફિઝિક્સ ભણાવતો હોઉં ત્યારે તં જોક્સ સંભળાવે છે, આથી હું ભણાવવામાં વ્યસ્ત હોઉં તો તારા જોક્સની મજા હું માણી શકતો નથી. તો હવે આપણે એવું કરીએ કે મારા દરેક લેકચરની શરુઆતમાં તારે પૂરા વર્ગમાં પાંચ મિનિટ સુધી જોક્સ સંભળાવવા પછી આખા લેકચરમાં ફિઝિક્સ ગંભીરતાથી ભણવાનું.' ડેવિડ ડૉ. જેકબને વચન આપ્યું. જયારે પણ ફિઝિક્સનો લેકચર હોય ત્યારે શરુઆતની પાંચ મિનિટ ડેવીડની મીમીક્રી ચાલે. આમ કરવાથી એક તરફ ડેવિડની પ્રતિભા પણ ખીળી અને બીજી બાજુ અભ્યાસ પણ ચાલતો રહ્યો. બીજા શિક્ષકોને પણ ડેવિડની માટે કોઈ ફરિયાદ ન રહી. ડૉ. જેકબનો આ પ્રયાસ સફળ રહ્યો. અને આ ડેવિડ મોટો થઈને અમેરિકાના મશહુર સ્ટેન્ડ અપ કોમેડિયન ડેવિડ માર્શલ તરીકે જાણીતો થયો.

રામમંદિર માટે સરકાર પર વધતું દબાણ

તંત્રીસ્થાનેથી...

અયોધ્યામાં રામજન્મભૂમિનોપ્રશ્ન છેક ૧૯૪૯થી અદાલતની એરણ પણ રહ્યો છે. હવે સંઘ પરિવાર સહિતના હિંદુત્વવાદી સંગઠનોની ધીરજ ખૂટી છે. કેટલાક સંતોએ ફરી એકવાર 'છ ડિસેમ્બરવાળી' કરવાની ધમકી ઉચ્ચારી છે. સુરેશ ભૈયાજી જેવા સંઘના વરિષ્ઠ નેતા અને વિશ્વ હિંદુ પરિષદના તોગડિયા વિરુદ્ધ રહેનારા તથા હાલમાં એનું સુકાન સંભાળનારા નેતાઓએ સંસદમાં અંતિમ સત્રના પ્રારંભ પૂર્વે જ વર્તમાન મોદી સરકારને અને દેશની અદાલતોને વિશાળ હિંદુ પ્રજાના મનોવલણોથી વાકેફ કરી આ મુદ્દો સત્વરે ઉકેલવા પડકાર ફેંક્યો છે. અગાઉ ક્યારેય હિંદુત્વવાદી સંગઠનોએ ભારતી જનતા પાર્ટી સામે ઓવો લડાયક અભિગમ નથી અપનાવ્યો. દેશભરમાં સાધુ સંતો અને સંઘ પરિવાર સહિત હિંદુત્વવાદી વિચારસરણી ધરાવતાંસંગઠનોહરહંમેશ એમનું પ્રતિનિધિત્વ કરતી રાજકીય પાંખ તરીકે જ ભારતીય જનતા પાર્ટી તથા એના પૂર્વાવતાર જનસંઘનું સમર્થન કરતાં રહ્યાં છે. ભાજપણ પણ એમનો પૂરતો આદર અદબ જાળવી ધીરજપૂર્વક સર્વોચ્ચ અદાલતના ફેંસલાની પ્રતીક્ષા કરતું રહ્યું છે. પરંતુ ગત લોકસભાની ચૂંટણીમાં એકલા હાથે સંપૂર્ણ બહુમતી લાવ્યા પછી પણ આખું સત્ર સમાપ્ત થવા આવ્યું ત્યાં સુધી આ સરકારે રામજન્મભૂમિ મુદ્દે જરૂર પડ્યે વટહુકમ કે બિલ લાવી ત્યાં મંદિર બનાવવાની માગણીનો સ્વીકાર કરેલ નથી. હિંદુત્વવાદી પરિબળો જેવાં બાલ ઠાકરેની શિવસેના જેવી પાર્ટી પણ સામેલ છે તે આથી અકળામણ અનુભવે એ સ્વાભાવિક છે. થોડા વખત પહેલાં શિવસેના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરે આ મુદ્દે દિલ્હી સામે બાંયો ચડાવી ચૂક્યા છે. ખુદ કોંગ્રેસ જેવા પક્ષો માટે આ મુદ્દો મોદી અને ભાજપ સામેનું અમોલ શસ્ત્ર બની ચૂક્યો છે. અલબત્ત, કોઈ રામજન્મભૂમિ પર રામમંદિર બનવું જોઈએ એ મુદ્દો ખુલ્લો વિરોધ કરવાની હિંમત તો કરી શકે એમ જ નથી. કોંગ્રેસ કે કહેવાતા અન્ય બિનસાંપ્રદાયિક પક્ષોને ટેકો આપનારી હિંદુ પ્રજા પણ રામમંદિર મુદ્દે તો સંવેદનશીલ છે જ. કાશ્મીરના નેતા ડૉ. ફારુક અબ્દુલ્લા પણ એમના હિંદુ મિત્રોને ખુશ કરવા રામભજન ગાતા ફરે છે અને અદાલત જે ચુકાદો આપે તે માથે ચડાવવાની તરફેણ કરે છે. અદાલત વર્ષોથી સમાધાનપૂર્વક બેઉ પાર્ટીઓ સમજીને આનો ઉકેલ આણે એવાં સૂચન કરતી રહી છે. રામમંદિર મુદ્દે શિયા મુસલમાનોને રામમંદિર મુદ્દે હિંદુઓની લાગણી અને માગણીને માન આપી મસ્જિદ અન્ય સ્થળે ખસેડવાની ફોર્મ્યુલા રમતી મૂકી છે. ઓવૈસી જેવા કટ્ટર નેતાઓ અને સરહદ પારના હાફિઝ સઈદ જેવા આતંકવાદીઓ બાબરી મુદ્દે કડક વલણ અપનાવી રહ્યા છે, આ મુદ્દો ઘણો સંવેદનશીલ છે અને ફરી એક વાર દેશમાં કોમી હુતાશન સળગાવી શકે એવો છે. ભારતીય જનતા પાર્ટી જયારે રક્ષણાત્મક સ્થિતિમાં આવી ગઈ છે ત્યારે એને આવા કોમી હુલ્લડો ફાયદો પણ કરાવી શકે અથવા સાવ જ હાંસિયે પણ ધકેલી દે. આવા સંજોગોમાં ઉત્તરપ્રદેશના સમાજવાદી પ્રગતિશીલ જૂથના નેતા શિવપાલ યાદવે મુલાયમસિંહની હાજરીમાં રજૂ કરેલી ફોર્મ્યુલા પણ વિચાર માગી લે છે. એમણે એક કાંકરે બે પક્ષી મારવાની ચાલાકી ભરી ચેષ્ટા કરતાં કહ્યું છે કે રામમંદિર જરૂર બનવું જોઈએ, પરંતુ સરયૂનાં કિનારે. વર્તમાન રામજન્મભૂમિના વિવાદિત સ્થળે મંદિર બનાવી લઘુમતી સમાજને પીડા પહોંચાડવાની જરૂર નથી. ઉત્તરપ્રદેશના મહંત મુખ્યમંત્રી યોગી આદિત્ય નાથે સરયૂ કિનારે ભગવાન રામચંદ્રજીની ધનુષબાણ સહિતની ગગનચુંબી પ્રતિમા સ્થાપિત કરવાનો પ્રારંભ કરી દીધો છે. સિમરિયા (બિહાર) ખાતે મોરારી બાપુની રામકથાના ભાગ રૂપે આયોજિત સાહિત્ય મહાકુંભના અધ્યક્ષ સ્થાનેથી કાશ્મીરના પૂર્વ રાજવી અને પોતાના રઘુવંશી ગણાવતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા ડૉ. કરણસિંહે ત્યાં રામચંદ્રજીની સાથે સીતાજીની પ્રતિમા સ્થાપિત કરવાનો સુધારો સૂચવી વધુ એક સવાલ ઊભો કર્યો છે. રામપરિવારના નામે થઈ રહેલ રાજકારણ ક્યારે કેવો વળાંક લેશે તે તો રામ જ જાણતા હશે.

મનની મોટાઈ માણસાઈના દીવડા અજવાળે છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'આપણે કોઈનું ઝૂંટવીને રોજી મેળવીએ, તો ઈશ્વર આપણને માફ નો કરે !! સાચી વાત ને !!!'

આવો એક સંવાદ અનિકેતના કાને પડ્યો... સવાર સવારના જાણે ધર્મ-કર્મનો સમન્વય નજર સામે સાક્ષાત થઈ ગયો હોય એવું એને લાગ્યું.

એકચ્યુલી, વાત એમ હતી કે, એક લગ્ન પ્રસંગે અમદાવાદથી સૌરાષ્ટ્રના કોઈ શહેરમાં જવાનું હતું. વહેલી સવારે ઊઠીને, સેવા-પૂજા કરીને એ તૈયાર થયો, દીકરીને બારમાં ધોરણની પરીક્ષા હતી, એટલે એના ટ્યુશન સ્કૂલ અને લેસનમાં ક્યાંયે અટકાવ ન આવે, એની કાળજી પણ રહે એ માટે એની પત્ની ઘરે રોકાવાની હતી, એના મમ્મીને થયું કે ચાલ, હું લગ્નમાં આવું તો સામાજિક સંબંધો સચવાય અને સારુ લાગે એટલે તેઓ પણ જોડાયા. અનિકેત અને એના મમ્મી જવાની તૈયારી કરતા હતા. ખાનગી લકઝરી બસમાં એમના બુકીંગ પણ થઈ ગયા હતા. મમ્મીએ પૂરી કાળજી સાથે લગ્નની ગીફ્ટ અને અન્ય સામાન ફરી ચેક કરી લીધા હતા.

બધી જ તૈયારી કરીને નીકળતા હતા ત્યાં અનિકેતને યાદ આવ્યું કે પુજાનો એક પાઠ કરવાનો રહી ગયો એટલે એ કરવા બેઠો. પત્નીએ ધ્યાન દોર્યું કે બસ જતી રહેશે... ટેક્સી કરીને જયાંથી બસ ઉપડવાની હતી તે કોમ્પલેક્સ પર પહોંચ્યા, ટીકીટ લીધી, બસ આવવાને વાર હતી, અનીકેત વોશરૂમ તરફ ગયો.. બહાર સફાઈકર્મીઓ સફાઈ કરી રહ્યા હતા. એમાં એનો આ સંવાદ સાંભળ્યો... બહાર આવી અનિકેતે ધ્યાન આપ્યું... વાત એમ હતી કે એ કોમ્પલેક્સમાં કામ કરનારા સફાઈકર્મીને બીજા કોઈ વધારાના કામ માટે ઓફર આવી હતી, હવે એ જગ્યાએ ઓલરેડી કોઈ કામ કરતું જ હતું... જે માણસ કામ કરતો હતો એના બે બાળકો પત્નીનો પરિવાર હતો, આ બધી જ વિગતોથી વાકેફ એ સફાઈકર્મી હતો અને એટલે જ લાગણીવશ થઈને કહેતો હતો એના સાથીને...

'હું જો ત્યાં કામ કરવા જાઉં તો મને બે પૈસા વધુ મળે એ વાત હાચી, પણ જે કામ કરે છે એ છુટો થાય... એના છોકરા ભુખ્યા રહે, એના નિસાસા લઈને હું કેમ સુખી થાઉં હેં...? આપણને ઈ જરૂર જ નથી ! મહેનત કરશું તો કામ તો મળશે જ હેં... કહીને એ માણસ પોતાનું કામ પુરું કરીને ત્યાંથી જતો રહ્યો... જતા જતા એ અનિકેતને માણસાઈનો, ધર્મનો બહુ મોટો સંદેશ આપતો ગયો.

બસમા બેઠા બેઠા એ વિચારે ચડ્યો, એના મમ્મીને આખો કિસ્સો કહ્યો... તો મમ્મીએ આવો જ એક બીજો કિસ્સો અનિકેતને સંભળાવ્યો...

અનિકેતની પત્ની અને એનાં મમ્મી એકવાર રેલવે સ્ટેશનથી ઘરે આવતા હતા. એમણે ખાનગી કંપનીની ટેક્સી કરી હતી. આમ જ વાતમાંથી વાત કરતા કરતા ટેક્સી ડ્રાઈવર બોલ્યો હતો કે 'મોટા શહેરોમાં આ ટેક્સી સર્વીસ શરૂ થતા તમારા જેવા અનેક મુસાફરો એનો ઉપયોગ કરે છે, ભાવ-તાલ નહિ, રકઝક નહિ, સારી વાત છે, અમને પણ પૂરતો ધંધો મળી રહે છે... એક સમયે હું રીક્ષા જ ચલાવતો હતો... થોડી આર્થિક સ્થિતિ સારી થતા આ કાર ખરીદી અને હવે આખો દિવસ કામ કરીને બેન્કના હપ્તા પણ ભરું છું ને કામ પણ કરું છું..'

આગળ વાત કરતા આ પછી જે વાત કરી એનો તાર અનિકેતે કહેલી વાત સાથે મળતો હતો. એણે કહ્યું 'બહેન એવું છે ને, અમારા જેવા થોડા લોકો આ ટેક્સી ચલાવતા થયા, પરંતુ મને માગે છે કે બીજા રીક્ષા ચલાવનારા પર આના કારણે થોડી અસર થઈ છે, કદાચ એમનું કામ, આર્થિક આવક ઘટી હશે, એમને પણ કામ મળે એવું કાંઈક થવું જોઈએ. આ તો મારો અંગત વિચાર છે.'

અનિકેતના મમ્મીએ કહ્યું કે, 'આ માણસની વાત તે દિવસે મારા હૃદયને સ્પર્શી ગઈ... પોતે સધ્ધર થયો એ સાથે બીજા આર્થિક રીતે અધ્ધર ન થાય એની ચિંતા એને હતી... એમાં જ ધર્મ-કર્મને માણસાઈ બધું આવી ગયું હતું.'

શ્રમિક વર્ગના, આર્થિક રીતે માંડ બે છેડા ભેગા કરતા, દુનિયાની દ્રષ્ટિએ સાવ નાના કહેવાય એવા માણસોના મનની મોટાઈના કેવા સરસ કિસ્સાઓ કોઈ ને કોઈ પાત્રો આમ જીવે જાય છે... સાહજિકપણે. આખી દુનિયા જ્યારે ભેગુ કરવામાં, બીજાની થાળીનું ઝુંટવી લેવામાં ધીમે ધીમે હોશીયાર બનતી જાય છે, ત્યારે આવા માણસો સાચા અર્થમાં ધર્મ-કર્મના સંસ્કારો એમના જીવનમાં જીવી રહ્યાની અનુભૂતિ આપણને થાય છે. આવા માણસો દ્વારા જ માણસાઈના દીવડા પ્રગટે છે ને અજવાળા રેલાય છે.

ભાઈ ! તુ કોઈને નડ મા, એ જ મોટી સમાજસેવા

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

શ્રૂયતાં ધર્મસર્વસ્વં શ્રુત્વા ચૈવ અધાર્યતામ્ ।
આત્મનઃ પ્રતિકૂલાનિ પરેજાં ન સમાચરેત્ ॥
- વિદૂરનીતિ

જે વસ્તુ આપણી માટે યોગ્ય નથી. ઈચ્છનીય નથી, તે ભલા બીજા માટે કેવી રીતે સારી બની શકે. માટે જ ધર્મતત્વનો સાર એ જ છે કે, આપણા સ્વયં માટે જે પ્રતિકૂળ હોય, અયોગ્ય હોય તે બીજા માટે ન આચરવું જોઈએ.

આ સરળ સિદ્ધાંત જો જીવનમાં ઉતારી લઈએ તો દુનિયા સ્વર્ગ થઈ જાય, મૂળભૂત રીતે આપણે આપણા માટે પ્રતિકૂળ અને અયોગ્ય પરિસ્થિતિઓ બીજા માટે કેવી રીતે સારી હોઈ શકે ? માટે આપણી માટે જે ખાડો છે, તે બીજા માટે પણ છે. જે વચનો આપણને આહત કરે છે, તે વચન બીજાને સુખ થોડું આપવાના છે!

અત્યારનો સમય બીજાના દુઃખે સુખી થવાનો વધુ છે, લોકો પોતાના સુખથી જેટલા સુખી નથી તેટલા તો બીજાના દુઃખથી સુખ અનુભવતા હોય છે. પોતાના આંગણામાં કચરો કે એઠું નાખવાથી ગંદકી વધતી હોય, તો એ જ કચરો કે એઠું બીજાની માટે બાજુ વાળા માટે સારી ક્યાંથી હોઈ શકે છે, આપણે બિંદાસ આપણો કચરો આપણું આંગણું ચોખ્ખું કરવા માટે બીજા કોઈના પણ પ્રાંગણમાં સરકાવી દેવામાં ખચકાતા નથી.

દરેક ઘરમાં સાસુ-વહુના, દેરાણી-જેઠાણી, વહુ-નણંદ જેવા સંબંધોમાં ખાટા-મીઠા સંબંધો હોય જ છે.

બે વાસણ અંદર અંદર ખખડે નહીં, તો સંસાર ક્યાંથી કહેવાય ? આપણી આજુબાજુ રહેતા, આપણા સંસર્ગમાં આવતા દરેક વ્યક્તિ બસ બીજાની પંચાતમાંથી ઉપર નથી આવતા. અને પોતાનું ઘર સંભાળવાના બદલે બીજાના ગોખમાં ડોકિળું કરતા રહેવાની આદત બનાવી દેતા હોય છે.

લગ્ન પ્રસંગે જયારે કોઈને ત્યાં જમવા જઈએ ત્યારે માત્ર બે કલાક જમીને ચાલ્લો કરવાનો શિષ્ટાચાર કરવા આવેલા લોકો દીકરીના બાપને કે પછી દીકરાના ઘરવાળાઓને પ્રસંગમાં આમ ધ્યાન રાખ્યું હોત તો સારું થાત અને તેમ ધ્યાન રાખવું જોઈતું હતું, જમણવારમાં મીઠાઈ બરાબર ન હતી, અને ચૉરીની ડિઝાઈન બરાબર નહોતી તેવી ઘણી બધી આડી વાતો કરી કરીને બસ કો'કનું ખોદવાની જ વૃત્તિ ધરાવતા પરગજુઓ મળી આવે છે.

બાજુવાળાના ઘરમાં તે ઘરના સભ્યોએ કેમ રહેવું જોઈએની વાતના બણગા ફૂકતો સૂફિયાતો વ્યક્તિ પોતે પોતાના ઘરમાં ચાર જણ વચ્ચે સુમેળ સાથી નથી શકતો.

આજે જયારે બીજા પ્રત્યેની ભાવના દુર્ભાવનામાં કયારે ફેરવાઈ જાય છે, તેની જાણ ન આપણને રહેતી નથી.

અદેખાઈ, ઈર્ષ્યા, આ કેટલી હદે આપણે આત્મસાત્ કરી દીધા છે કે, સ્વભાવિક રીતે આપણે કોઈ વિશે અભદ્ર ટીકા ટિપ્પણીઓ કરવામાં અચકાતા નથી.

વાસ્તવમાં હંમેશા અનિવાર્યપણે કોઈની પ્રશંસા કરીએ તો પણ ખરેખર તો સામેવાળાએ ચેતી જવું જોઈએ.

આપણે પ્રયત્ન કરીને પણ લોકોની આપણા પ્રત્યેની ધારણા (પૂર્વધારણા)ઓને બદલી શકતા નથી, માટે કોઈ શું વિચારશે તે વિચારીને દુઃખી થવા કરતા આપણી મસ્તીમાં મસ્ત રહીને સામેવાળાને મૂંઝવણમાં મૂકતા રહીએ તેની મજા અલગ છે.

પહેલાં એવું કહેતા કે ચાર બહેનો ભેગા મલીને કોઈની પંચાત કરે, ઘર ભાંગતા હોય છે, અને હવે કોઈને સાથે બેસીને પંચાત નથી કરતી પરંતુ ફેસબુક અને વોટ્સએપ પર એકબીજા માટે ખોટી ખોટી અફવાઓ ફેલાવી ફેલાવીને કોઈ પણ અજાણ્યા શખ્સ વિશે કશું જ જાણ્યા-કારવ્યા વગર બસ અભિપ્રાય આપી દઈને કે પછી મેસેજ ફોરવર્ડ કરીને અજાણપણે 'ફેક ન્યૂઝ' ને આપણા થકી પ્રમાણિત બનાવીને બીજા તરફ નખી દેતા હોઈએ છીએ.

સમાજ માટે કોઈ ઉત્તમ કાર્ય કરવું હોય તો વિશેષ કોઈ જહેમત લેવાની આવશ્યતા જ નથી. માત્ર પોતાના હિત માટે જે જરૂરી હોય તે બધું બીજા માટે પણ કરી દઈએ તો સમજો કે સંસાર સુખી સુખી...

શ્રી શાહબુદ્દીન રાઠોડ કહે છે તેમ જો કોઈ સમાજસેવા જ કરવાની દાનત જ હોય તો એક જ ઉત્તમ કાર્ય કે ભાઈ કોઈને નડ માં. એ જ તારી સૌથી મોટી સમાજસેવા બની રહેવાની છે.

બીજા કોઈને આડા ન આવવું. હેરાન ન કરવા તે જ સૌથી મોટી જનસેવા છે. કોઈ સારું કામ લઈને આપણી પાસે આવે તો તેનો ઉત્સાહ બેસાડી દેવાને બદલે તેને પોરસ ચડાવવો જોઈએ, અને કદાચ હકારાત્મક વાત ન કરી શકીએ તો કોઈ વાંધો નહીં પરંતુ નેગેટિવ વાતોના ભજીયા તળીને કડછો તો ન જ ફેરવવો જોઈએ.

શબ્દો મીઠાશ વગરના ચાસણી વગરના હશે તો ચાલશે પરંતુ રાખ વાળા ફાફડા ભરાવતા શબ્દોનો ડૉઝ તો ન આપીએ ! હવનમાં હાડકાં નાખવા વાળા મારીચોનો કોઈ તોટો નથી આપણે ત્યાં. આ દુનિયામાં આપણી સમક્ષ સારાઈના અચ્છાઈના ઘણા દૃષ્ટાંત પડ્યા હોય છે, પરંતુ આપણે બંધબેસતા અર્થઘટન સાકળી લઈને બસ આપણી માટે અયોગ્ય લાગતું બધું જ બીજાના આંગણામાં વેરી દઈએ છીએ...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

તમે પોતાની જાત સાથે ક્યારેય સંવાદ કર્યો છે ખરો?

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એક નાનકડા ગામડાં ગામના પિતા-પુત્રની વાત છે. દર વર્ષે એમના ગામની બાજુના ગામમાં મોટો મેળો ભરાતો. આ મેળામાં મોટા પાયે લોકો ગધેડાની લે- વેચ કરે. આ બાપ-બેટો મેળામાં ગધેડાને વેચવા માટે નીકળ્યા. ગધેડો એમની સાથે ચાલતો હતો. આ જોઈને એક જણે ગધેડા ઉપર દીકરાને બેસવાની સલાહ આપી. બેટો ગધેડા ઉપર બેસી ગયો. થોડા આગળ ગયા ત્યાં બીજાએ કહ્યું, 'ઉંમર લાયક પિતા ચાલે છે અને દીકરો મોજથી ગધેડા ઉપર સવારી કરી રહ્યો છે, શરમ નથી આવતી ?' છોકરો આ સાંભળી ગધેડા ઉપરથી ઉતરી ગયો અને પિતાજીને ગધેડા ઉપર બેસાડ્યા. થોડું આગળ ચાલ્યા હશે ત્યાં ત્રીજો વ્યક્તિ મળ્યો અને બોલ્યો, 'ખરો માણસ છે, છોકરાની ચિંતા કર્યા વગર પોતે ગધેડા ઉપર ટેસથી બેઠો છે ?' બાપ ગધેડા ઉપરથી ઉતરી ગયો. હવે આ બાપ-બેટો મુંઝાયા. રસ્તા પાસેના એક ઝાડ નીચે બેઠા અને વિચારવા લાગ્યા. ત્યાં એક ચોથો વ્યક્તિ આવ્યો. આ બાપ બેટાએ એની પાસે આપવીતી વર્ણવી. આ વ્યક્તિએ સલાહ આપી 'તમે બન્ને ગધેડા ઉપર બેસી જાવ એટલે કોઈ પ્રશ્ન જ નહીં રહે.'

બાપ-દીકરો રાજી થઈ ગયા અને ગધેડા ઉપર બન્ને બસી આગળ જવા લાગ્યા. ત્યાં વળી પાછા એક વ્યક્તિએ ટીપ્પણી કરી કે, 'તમે બન્ને ખરા છો, આ ગધેડા ઉપર બેસી ગયા, જરા આ મુંગા પશુનો તો વિચાર કરો ?' આ સાંભળીને બાપ-બેટો ગધેડા ઉપરથી ઉતરી પાછા ચાલવા લાગ્યા. વિશ્વાસની ઓછપથી આવતા દુષ્કર પરિણામો બતાવતી આ નાનકડી વાતમાં મોટો સંદેશ છે. કોઈ કંઈ પણ કહે. શું અને કેટલું કરવું છે એ નક્કી તો વ્યક્તિએ પોતે કરવાનું છે. લોકો હંમેશા પૂછતા હોય છે કે, જીવનમાં સફળ બનવાનો રાઝ શું છે? શિક્ષકો, વડીલો, મિત્રો કે અન્ય કોઈ તમને જે જોવા માગે છે એ નહીં પણ તમારે જે ખરેખર બનવું છે એની ખબર તમને પોતાને જ છે. વ્યક્તિની પોતાની પાસે સફળતાની તોપનુ ટ્રીગર છે. તકલીફ એ છે કે, પોતાની આંગળી આ ટ્રીગર પાસે પહોંચાડી શકતા નથી. અથવાતો આ ટ્રીગરની સમજ જ નથી. વ્યક્તિએ પોતાને ગમે એ રીતે જીવનને ખુશહાલ બનાવવાનું છે. વડીલો કે અન્ય કોઈ કહે એ દિશામાં આંખ મીંચીને દોડવા કરતા પોતાનું મન અને હૃદય શું કહે છે એ પ્રમાણે ચાલવાની મજા જુદી છે. શું આગળ વધવા ક્યારેય તમે પોતાની જાત સાથે સંવાદ કર્યો છે ? પોતાની જાત સાથે સંવાદ કરવો પડે. શક્ય છે, લોકો પાગલ પણ કહે. આવા પાગલોનો જ ઈતિહાસ લખાતો હોય છે અને બુદ્ધિશાળીઓ એ વાંચતા હોય છે.

હોલીવુડના સુપરસ્ટાર, અને રાજકારણી આર્નોલ્ડ સ્વાઝનૈગરને લોકો કહેતા કે, આ વ્યક્તિ જીવનમાં કાંઈ ઉકાળી શકે એમ નથી. એમના શરીરને જોઈને લોકો કહેતા કે, 'તું ફિલ્મ કલાકાર બનવાની વાત મનમાંથી કાઢી નાખ. તારી ફીગર યોગ્ય નથી.' પરંતુ સ્વાઝનૈગરને તો નંબરવન બનવું હતું. માત્ર ફિલ્મ કલાકાર નહીં 'હાઈએસ્ટ પેઈડ હોલીવુડ મુવી સ્ટાર' બનવાનું એનુ સપનું હતું. એને માત્ર ચેમ્પિયન નહોતું બનવું એને તો વિશ્વના સર્વકાલીન બોડી બિલ્ડર તરીકે વિશ્વમાં નામના મેળવવી હતી. આર્નોલ્ડ કહેતો કે, મને મારી શકિતઓમાં હમેશા વિશ્વાસ રહ્યો છે. કોઈ ગમે તે કહે પણ મને ખ્યાલ હતો કે, હું લોકો હંમેશા યાદ રાખે એવો બોડી બિલ્ડર અને હાઈએસ્ટ પેઈડ હોલીવુડ સ્ટાર બનવાનો જ છું. સખત વર્જીશ કરીને એ હોલીવુડનો દમદાર મેગાસ્ટાર બન્યો.

વ્યક્તિ એકવાર એના લક્ષ્યને નક્કી કરી લે અને દ્રઢતાપૂર્વક એને વળગી રહીને પરિશ્રમ કરે પછી આગળની સફર વધુ તેજ રફતાર પકડે છે. ધીમે ધીમે આગળ વધવાની પ્રોસેસમાં આનંદનું તત્વ ઉમેરાતુ જાય છે. દરેકને ખબર છે નિષ્ફળતાનું મુખ્યકારણ મહેનતનો અભાવ છે. તો પછી હાથ-પગ વાળીને બેસી રહેવોનો કોઈ અર્થ નથી. ગાંધીજીથી માંડીને લિંકન, રુઝવેલ્ટથી માંડીને નેલ્સન મંડેલા, સચિનથી માંડીને લતા મંગેશકર કોઈપણ સફળ થયેલા વ્યક્તિનું જીવન ચરિત્ર વાંચશો તો આ બધામાં એક કોમન ફેકટર જણાશે. આ બધા જ લોકોની સવાર ખૂબ વહેલી પડે છે. આ લોકો દુનિયા સુતી હોય ત્યારે વહેલા ઊઠીને એમના લક્ષ્યને પ્રાપ્ત કરવા પરિશ્રમ કરતા હોય છે.

બીજા વિશ્વયુદ્ધમાં હિટલરની સેના સામે અડગ ઊભેલા વિસ્ટન ચર્ચિલનો એક કિસ્સો છે. એણે ભારત જઈ રહેલા એ વખતના નવનિયુક્ત આઈસીએસ (અત્યારના આઈએએસ) કેડરના બ્રિટનના અધિકારીઓને સંબોધન કરતાં કહ્યું હતું કે, 'તમે ભારત વહીવટ માટે જાવ છો. ત્યાં બધું કરજો પણ મી. એમ. કે. ગાંધી અને વલ્લભભાઈ પટેલ સાથે વાત ન કરતા.

આ બન્ને વ્યક્તિનો આત્મવિશ્વાસ ખુબ મજબુત છે. નીતિ, નિયમ અને સિદ્ધાંતમાં આ બન્ને જણા એટલા દ્રઢ છે કે, ચર્ચા બાદ તમારી સામે કોરો કાગળ મુકશે અને તમે રાજીખુશીથી એની ઉપર સહી કરી દેશો. પછી એ લોકો એની ઉપર લખાણ કરશે. એમના સદગુણ અને મૂલ્યોમાં એમની તાકાત સમાયેલી છે. ગાંધીજી અને સરદાર સાહેબના આત્મવિશ્વાસ, સદગુણો અને મૂલ્યોનું ચર્ચિલના શબ્દોમાં આ મુલ્યાંકન હતું. એવુ કહેવાય છે કે, વ્યક્તિની જીવનની સફળતામાં પરિશ્રમ, બુદ્ધિ અને કુશળતાનો માત્ર ૨૦ ટકા હિસ્સો હોય છે. ૮૦ ટકા તો સદગુણો અને મૂલ્યોના હોય છે. એ સાચુ છે કે, શૈક્ષણિક ઉજ્જવળ કારકિર્દી, પ્રતિભાશાળી વ્યક્તિત્વ, બુદ્ધિ એ સફળતાના કોઈપણ દ્વાર ખોલી શકે છે. પણ સિદ્ધાંતો, મૂલ્યો અને સદગુણમાં સફળતાના કોઈપણ દરવાજાને સદાય ખુલ્લા રાખવા માટે સામર્થ્ય હોય છે.

અંગ્રેજીમાં કહેવત છે, 'નો પેઈન, નો ગેઈન'. લક્ષ્ય પ્રાપ્તિની સફરમાં મુશ્કેલી અને દુઃખ નથી તો સફળતા નથી. પ્રાપ્તિ અને સફળતા વચ્ચે ભેદ છે. પ્રાપ્તિની પ્રસંશા એ સફળતા છે. પોતાની જાત ઉપરનો વિશ્વાસ અને ચોકઠામાં ગોઠવાયેલા નિયમોની બહાર જવાની શકિત સફળતાની સંજીવની છે. પોતાના હૃદય અને મનમાં શું ચાલી રહ્યું છે એનો નિરંતર અભ્યાસ કરી સંવાદ કરવાથી આગળ વધવાનો માર્ગ મોકળો બનતો હોય છે.

ધબકાર :
એ તાકાતવર હોવા છતાં પણ કાયર છે અને વિદ્વાન હોવા છતાં પણ મહામુર્ખ છે જેને પોતાની જાત ઉપર વિશ્વાસ નથી.